**<u>ફોજદારી કેસ નંબર :– ૫૮૬૦૯ / ૨૦૧૯</u>**

## મે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ.અમદાવાદ.

### –: આંક – ૧ હેઠળ હુકમ :–

**૧.** આજરોજ સદરહું ફોજદારી કેસ જીએસએલએસએ/પત્રના અનુસંધાનમાં ખાસ સીટીંગ દરમ્યાન યોગ્ય કાર્યવાહી માટે હાથ પર લેવામાં આવેલ છે. અત્રેની કોર્ટમાં પેન્ડીંગ પેટી કેસીસ, ટ્રાફીક કેસો તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફોજદારી કાર્યરિતિ અધિનિયમની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્ઝ માટે તેમજ ફોજદારી કાર્યરિતિ અધિનિયમની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પે. સીટીંગ રાખવામાં આવેલ.

**૨.** સદરહું કામનું રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધું. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતાં આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે તે ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે, જે અંગે આરોપી સામે ચાર્જશીટ દાખલ થયેલ છે. જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે. આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ / વોરંટ કાઢવા છતાં આરોપીને હાજર રખાવવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. આજરોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ પણ આરોપીને હાજર રાખવામાં આવેલ નથી. તદુપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવાછતાં આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમાં આરોપી વિરૂઘ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતું હોય ફોજદારી કાર્યરિતિ અધિનિયમની કલમ ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### ''<u>હુ ક મ</u>''

આથી ફોજદારી કાર્યરિતિ અધિનિયમની કલમ ૨૫૮ અન્વયે આરોપી/આરોપીઓ સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફોજદારી કાર્યરિતિ અધિનિયમની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩ માહે મે સને ૨૦૨૩ ના દિને સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૩–૦૫–૨૦૨૩.
અમદાવાદ.

**( એચ. એસ. દવે )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
Code No.**GJ00693**